

# આહ્વાન


A Monthly Bulletin of Shahpur Methodist Church



Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email : revrajuparmar@gmail.com | Pastor : Rev. Raju N. Parmar

Visit us at : www.shahpurmethodistchurch.com | (M) 8238260259



વર્ષ - ૫૬ | ફેબ્રુઆરી - ૨૦૨૬ | પત્ર - ૧૫૦


## ઉપવાસ

ખ્રિસ્તમાં વ્હાલા ભાઈઓ અને બહેનો,

પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં પ્રેમી સલામ.

ઉપવાસ એટલે નિરાહાર-ખોરાક વગર રહેવું અને આ સમય પ્રાર્થનામાં અને ઈશ્વર સંગતમાં ગાળવો, ઈશ્વરના જીવંત વચનો વાંચવા, તેનું મનન કરવું, ઈશ્વરની સમીપ અને સાનિધ્યમાં રહેવું અને ઈશ્વરમાં ધ્યાન કેન્દ્રિત કરવું. ઉપવાસ કરવાથી ધર્મમાં શ્રદ્ધા વધે છે. શુદ્ધ અને પવિત્ર જીવન જીવવામાં મદદરૂપ બને છે. ઉપવાસ એટલે ઉપ-એટલે સમીપ/નજીક અને વાસ એટલે રહેવું અર્થાત્ ઈશ્વરની સમીપ રહેવું. ઈશ્વરના સાનિધ્ય, સમક્ષતામાં રહેવું તેનું નામ ઉપવાસ. ઉપવાસ આત્મિક જીવનમાં સ્વ-શિસ્ત શીખવે છે અને વ્યક્તિગત જીવનમાં આત્મકષ્ટ, આત્મમંથન અને આત્મખોજ કરવાનો સમય આપે છે. ઉપવાસ એ હૃદય, આત્મા, મન અને શરીરની શુદ્ધિ માટે કરવામાં આવતો સ્વેચ્છાએ કરેલો સંયમ છે. જે શારીરિક સ્વાસ્થ્ય અને આધ્યાત્મિક શાંતિ બંને આપે છે. ઉપવાસ થકી ઈશ્વરમાં આપણે વધારે ધ્યાન કેન્દ્રિત કરી શકીએ છીએ. ઉપવાસથી આપણે ભૌતિક આકર્ષણોથી દૂર રહી ઈશ્વર સાથે જોડાઈ રહેવા અને હૃદયને, મનને શાંત કરવાની સ્થિતિ છે. તપઋતુના સમયમાં ઘણા બધા ઉપવાસ કરતાં હોય છે શુદ્ધ, પવિત્ર અને ઈશ્વરમય જીવન ગાળતા હોય છે. ઉપવાસ કરવાથી શારીરિક, માનસિક અને આધ્યાત્મિક રીતે ઉત્તમ આરોગ્ય પૂરું પાડે છે.

**ઉપવાસ શા માટે કરવો જોઈએ :** ઉપવાસ કરવાથી આત્મિક જીવનમાં પવિત્રઆત્માનું સામર્થ્ય અને બળ મેળવીએ છીએ. ઈશ્વરની સાથે નિકટતા વધે છે, ઈશ્વરની શોધ કરીએ છીએ. ગી.શા. ૬૩:૧ હે ઈશ્વર, તું મારો દેવ છે. હું તને વહેલો શોધીશ, જ્યાં પાણી હોતું નથી, એવા સૂકા તથા ખેદજનક દેશમાં મારો આત્મા તારે સારું તલખે છે. મારો દેહ તારે વાસ્તે તલપે છે. ઈશ્વરને પામવાની તરસ હોવી જોઈએ. ગી.શા. ૪૨:૧. જેમ પાણીના નાળાને સારું હરણ તલપે છે, તેમ હે દેવ, તારે સારું મારો આત્મા તલપે છે. આત્મિક જીવનમાં જાગૃતિ માટે, આપણા રોજીંદા જીવનમાં નિર્ણય લેવામાં ઈશ્વર જ્ઞાન, ડહાપણ, માર્ગદર્શન અને દોરવણી મળી રહે માટે, ભવિષ્ય માટે માર્ગદર્શન મળી રહે માટે, બિમારીઓ આર્થિક સંકળામણ, બાળકોનો અભ્યાસ, તેમની ઉજ્જવળ કારકિર્દી, નોકરી, લગ્ન માટે ઉપવાસ સાથે આ બધી બાબતોને ઈશ્વરની સમક્ષતામાં પ્રાર્થનાઓ દ્વારા લઈ જઈએ છીએ ત્યારે આપણે ઈશ્વરની અદ્ભુત કૃપાનો અનુભવ કરી શકીએ છીએ.

પ્રભુ ઈસુ ખ્રિસ્તનું ઉપવાસ વિશે શિક્ષણ : માથ્થી ૬:૧૬-૧૮, પ્રભુ ઈસુ ખ્રિસ્તના સમયમાં યહુદીઓ માણસોની પ્રશંસા પામવા, સદ્કૃત્યો અને પ્રાર્થના કરતા હતા. તે જ રીતે તેઓ ઉપવાસ પણ કરતાં હતાં. તેઓ પોતાના ચહેરા પર રાખ લગાડતા હતા. જેથી અન્ય લોકો કહી શકે કે તેઓએ ઉપવાસ કર્યો છે. જ્યારે આપણે ઉપવાસ કરીએ છીએ ત્યારે આપણે બાહ્ય આડંબર ના કરવો જોઈએ. પણ જ્યારે આપણે ઉપવાસ કરીએ છીએ ત્યારે ઈશ્વર સમક્ષ આપણી પોતાની જાતને નમ્ર કરીએ, પોતાના શરીરોને કાબૂમાં રાખીએ અને પવિત્રઆત્મા પાસેથી માર્ગદર્શન, દોરવણી અને સામર્થ્ય પ્રાપ્ત કરવા ઉપવાસ કરવા જોઈએ.

પ્રભુના સેવકોએ ઉપવાસ સાથે પ્રાર્થના કરી : નહેમ્યા ૧:૪, જ્યારે એ ખબર મેં સાંભળી ત્યારે હું બેસીને રડ્યો, ને કેટલાક દિવસ સુધી મેં શોક કર્યો, આકાશના દેવની આગળ મેં ઉપવાસ સાથે પ્રાર્થના કરી.

દાનિયેલ ૯:૩, હું ઉપવાસ કરીને ટાટ ઓઢીને તથા રાખ ચોળીને પ્રાર્થના તથા વિનંતીઓ કરીને શોધન કરવાને મારું મુખ પ્રભુ દેવ તરફ રાખી રહ્યો.

યોએલ ૨:૧૨, તોપણ યહોવા કહે છે, કે, અત્યારે તમે તમારા ખરા અંતઃકરણથી તથા ઉપવાસ, રુદન અને વિલાપસહિત મારી પાસે પાછા આવો.

પ્રભુ ઈસુ ખ્રિસ્તે ચાળીસ રાત-દિવસ સુધી ઉપવાસ કર્યા, આ તપઋતુનો સમય ઈશ્વરપિતાએ આપણા જીવનોમાં આપ્યો છે, ત્યારે આવો આપણે પણ આત્મકષ્ટ સાથે આત્મખોજ અને આત્મમંથન કરીએ, ઈશ્વરપિતા તેમના પવિત્રઆત્માના સામર્થ્યથી આપણને ભરશે, ઈશ્વરની સમક્ષ પાપોની નમ્રતાપૂર્વક કબૂલાત કરીએ, ખંતપૂર્વક ઈશ્વરનું મુખ શોધીએ, પોતાના માટે અને બીજાના માટે હૃદયપૂર્વકની મધ્યસ્થીની પ્રાર્થના કરીએ, ઈશ્વરપિતા આ ઉપવાસના દિવસોમાં આપણને તેમના આત્માના સામર્થ્યથી ભરશે અને આપણા જીવનોને આશીર્વાદિત કરશે...આમેન...


આ બુલેટીન છાપવાનો તમામ ખર્ચ એક આશીર્વાદિત કુટુંબ તરફથી મળેલ છે. - આભાર

## ગત માસનાં કાર્ય તરફ દ્રષ્ટિપાત : જાન્યુઆરી-૨૦૨૬

- તા. ૧-૧-૨૦૨૬, નવા વર્ષની ભજનસેવામાં મંડળીના વ્હાલાઓએ આનંદસહ ભાગ લીધો હતો. પાળકે યહોશુઆ ૧:૧-૯ 'ફતેહ પામો' આધારિત પ્રભુના જીવંત વચનોમાંથી મનન કરાવ્યું હતું. ભજનસેવામાં મંડળી દ્વારા પાળક કુટુંબનો આવકાર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પાળકે મંડળી તરફથી કારભારી ભાઈઓ અને બહેનોનો, પાસ્ટોરેટ કમિટીના સભ્યશ્રીઓનો, કોન્ફરન્સ લે-લીડર શ્રી આલાપભાઈ માસ્ટરનો સર્વને ફૂલ આપી આવકાર કર્યો હતો. સાથે પેન ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી. શ્રી ઓલ્ડ્રીચ ગામડિયાએ ફુલોની અને કુ. શાલીન ગામડિયાએ પેનોની વ્યવસ્થા કરી હતી. આભાર. ભજનસેવામાં પ્રાર્થના સહ પ્રોમિસ કાર્ડ આપવામાં આવ્યા હતા. ભજનસેવા બાદ ચર્ચના ટેરેસ ઉપર જઈને બેનર સાથે ફુગ્ગા ઉડાડવામાં આવ્યા હતા. ત્યારબાદ શ્રી શાલીન એસ. માસ્ટર અને શ્રી રીયાન એસ. માસ્ટર દ્વારા સર્વને માટે કેક અને ચ્હા આપવામાં આવી હતી. આભાર.
- તા. ૭-૧-૨૦૨૬, એમ.સી.આઈ.ના સ્થાપના દિનની ઉજવણી અને ડિસ્ટ્રીક્ટ વાર્ષિક આયોજન માટે મેથોડિસ્ટ ચર્ચ રાયખડમાં મંડળીના આગેવાનો સાથે ભાગ લીધો હતો.
- તા. ૧૧-૧-૨૦૨૬, ભજનસેવામાં સેમિનરી સન્ડે તરીકે ઉજવવામાં આવ્યા હતો. મેથોડિસ્ટ બાઈબલ સેમિનરી વાસદના પ્રિન્સીપાલ રેવ. કિરીટ ડી. પરમાર સાહેબે યોહાન ૧૫:૧-૧૭ આધારીત વચનની સેવા આપી હતી. શ્રી સ્મિતભાઈએ સાક્ષી આપી હતી. મંડળીના ભાઈઓ અને બહેનો દ્વારા સેમિનરી માટે ઉદારતાથી ૧,૩૨,૦૦૦/- દાનો આપવામાં આવ્યા હતા. સર્વ દાનદાતાઓનો ખૂબ આભાર. ઈશ્વરપિતા આપ સર્વને આશીર્વાદ આપો.
- તા. ૧૮-૧-૨૦૨૬, ભજનસેવામાં ડિ.સુ. રેવ. જશવંત મેકવાન સાહેબ, ડી.ઈ. શ્રીમતી શોભનાબેન મેકવાન ભજનસેવામાં હાજર રહ્યા હતા. ડીસુ સાહેબે યહોશુઆ ૨૪:૧૩-૧૫ આધારિત વચનની સેવા આપી હતી. ઉત્તેજન પૂરું પાડ્યું હતું. ભજનસેવા બાદ સન્ડેસ્કૂલ બોર્ડની મિટીંગમાં મળ્યા હતા.
- સન્ડે સ્કૂલ, મહિલા મંડળ અને એમ.વાય.એફ.ની સંગત નિયમિત મળે છે.

### મહિલા મંડળના કાર્યો

- તા. ૨૫-૧-૨૦૨૬, ભજનસેવા બાદ મહિલા મંડળની સંગતમાં બહેનો મળ્યા હતા. બહેનો દ્વારા માર્કની સુવાર્તાનું વાંચન કરવામાં આવ્યું હતું. ભાગ લેનાર સર્વ બહેનોનો આભાર.
- તા. ૧૧-૧-૨૦૨૬ સેમિનરી સન્ડે નિમિત્તે મહિલામંડળના ભંડોળમાંથી મેથોડિસ્ટ બાઈબલ સેમિનરી વાસદને રૂ. ૧૦,૦૦૦/-નું દાન આપવામાં આવ્યું હતું.
- ડિસેમ્બર માસમાં મહિલા મંડળ દ્વારા મઠીયા અને કચરિયાનો સ્ટોલ મૂકવામાં આવ્યો હતો. તેના વેચાણ થકી મહિલા મંડળને ૨૫૮૦ રૂ.નો નફો થયો હતો.

### ખાસ નોંધ

- સન્ડેસ્કૂલના વર્ગો નિયમિત ચાલુ કરવામાં આવ્યા છે. માતા-પિતા તમારા બાળકોને સન્ડેસ્કૂલમાં નિયમિત મોકલશો.
- શુક્રવારની બાઈબલ સ્ટડી અને પ્રાર્થના સંગત ચાલુ કરવામાં આવી છે, સર્વ ભાઈઓ અને બહેનો ભાગ લેશો.
- આપણી મંડળીની ટેલિફોન ડિરેક્ટરી બહાર પાડવાની હોવાથી ફોર્મમાં વિગતો ભરીને વહેલી તકે મોકલી આપશો.

### આવનાર દિવસોમાં

- રાખના બુધવાર તા૧૮/૦૨/૨૦૨૬થી ૪૦ દિવસોની મિટીંગોનું આયોજન આપણી મંડળીમાં કર્યું છે. તમે જેઓ તમારા ઘરે મિટીંગ રાખવા માંગો છો તો પાળક સાહેબનો સંપર્ક કરશો.
- પિકનીક - મંડળીની પિકનીક રાખવામાં આવેલી છે. તા. ૧૫-૨-૨૦૨૬, ઓરસગ કેમ્પસાઈટ, વડોદરા પાસે, પ્રાર્થના કરશો.
- બાઈબલ ક્વીઝ તા. ૧૫-૩-૨૦૨૫, પુસ્તક : માર્કની સુવાર્તા સમય- ભજનસેવા બાદ, સર્વ ભાઈઓ અને બહેનો ભાગ લેશો.

**ધોરણ ૧૦-૧૨ના વિદ્યાર્થીઓને પરીક્ષાની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવીએ છીએ.**

## પાળક મારફતે મળેલ દાન બર્થ ડે અને આભારસ્તુતિ દાનો

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ઉર્મિલાબેન આર. સોલંકી | આ.સ્તુ. | ૫૦૦ | નિમીષાબેન પી. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ | મોનિકાબેન એસ. ડેવિડ | આ.સ્તુ. | ૫૦૦ |
| એનેટ એ. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ | મિલિન્દભાઈ આર. કાપડિયા | આ.સ્તુ. | ૫૦૦ | રીટાબેન જે. કીન | આ.સ્તુ. | ૨૦૦૦ |
| એન્થનીભાઈ એસ. ઈમાનુએલ | બર્થડે | ૫૦૦ | લીનાબેન એ. પેટ્રીક | બર્થડે | ૩૦૦ | પ્રફુલભાઈ એમ. વિન્સેન્ટ | આ.સ્તુ. | ૨૦૦ |
| રીન્કીનાબેન એ. ઈમાનુએલ | બર્થડે | ૫૦૦ | રીનીશા પી. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ | અતુલભાઈ પી. મહિડા | બર્થડે | ૫૦૦ |
| કલ્પનાબેન વી. ક્રિસ્ટી | આ.સ્તુ. | ૫૦૦ | વાયોલેટબેન વી. ક્રિશ્ચિયન | બર્થડે | ૧૦૧૧ | નિલેશભાઈ એસ. ક્રિશ્ચિયન | આ.સ્તુ. | ૧૦૦૦ |
| એનન એ. પેલ્મોર | બર્થડે | ૫૦૦ | પ્રભુ પ્રેમી કુટુંબ તરફથી | એ.ફંડ | ૧૦૦૦ | ફ્રેનીબેન એ. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| અર્પિતાબેન ડી. હેરી | બર્થડે | ૫૦૦ | પ્રભુ પ્રેમી કુટુંબ તરફથી | ચર્ચ મે. | ૧૦૦૦ | ડેનીભાઈ એ. હેરી | બર્થડે | ૫૦૦ |
| નોએલ એસ. ક્રિસ્ટી | આ.સ્તુ. | ૨૦૦ | જ્યોતિબેન કે. વાઘેલા | બર્થડે | ૨૦૦ | ડ્રીના ડી. હેરી | બર્થડે | ૫૦૦ |
| શ્રેયાંસી એસ. અર્લીક | બર્થડે | ૫૦૦ | વિક્ટરભાઈ વી. મેકવાન | બર્થડે | ૫૦૦ | | | |

## BIRTHDATE IN FEBRUARY

| | | | |
|---|---|---|---|
| ૫/૨ | પ્રિયંકા એન. ક્રિશ્ચિયન | ૧૯/૨ | નોએલ એસ. ક્રિસ્ટી |
| ૬/૨ | આશાબેન સી. વરસડા | ૧૯/૨ | રેની આર. ટેલર |
| ૮//૨ | જેક માયુસ રાઠોડ | ૨૨/૨ | આર્લીન આર. પરમાર |
| ૯/૨ | કેનેથ એફ. ટેલર | ૨૨/૨ | મિલીન્દ આર. કાપડીઆ |
| ૧૧/૨ | મોનિકાબેન એસ. ડેવિડ | ૨૨/૨ | પરેશ બી. પરીખ |
| ૧૧/૨ | સમીર એસ. ભાટીયા | ૨૩/૨ | જસ્ટીન બી. પરીખ |
| ૧૫/૨ | શ્વેતાલી કે. મહિડા (USA) | ૨૫/૨ | પ્રકૃતિ એ. ફ્રેન્ક (USA) |
| ૧૮/૨ | વેલેન્ટીના વી. દાસ | ૨૫/૨ | કોલીન એ. ક્રિશ્ચિયન |
| | | ૨૫/૨ | અમીષા એન. પરીખ |

## નાણાંકીય અહેવાલ ડિસેમ્બર - ૨૦૨૫

| | | |
|---|---|---|
| તા.૧-૧૨-૨૫ ની ઉઘડતી સિલક | | |
| | રોકડ | ૪૫૪૪૮-૦૦ |
| | બેંક | ૬૮૧૧૭૮-૫૯ |
| તા.૩૧-૧૨-૨૫ સુધીની | આવક | ૨૧૭૯૫૯-૦૦ |
| | કુલ | ૯૪૪૫૮૫-૫૯ |
| તા.૩૧-૧૨-૨૫ની બંધ સિલક | | |
| | રોકડ | ૭૪૬૦-૦૦ |
| | બેંક | ૬૨૫૫૩૮-૫૯ |
| તા.૩૧-૧૨-૨૫ સુધીનો | ખર્ચ | ૩૧૧૫૮૭-૦૦ |
| | કુલ | ૯૪૪૫૮૫-૫૯ |

શ્રી શરદભાઈ જે. માસ્ટર, ટ્રેઝરર